સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૨૨૭૨૫૧

આદિવાસીઓની ગ્રાંટ આમ જ ખવાઇ જાય છે અને સરકારી નાણાં આમ જ ચવાઇ જાય છે, આમ જ 'કરી જાય છે' બેજવાબદાર 'સહાયકો' ને 'ખાવા દેતો નથી'ની આમ જ ભવાઇ થાય છે..

ચાલશે દેશ - - ઉદ્યોગપતિઓથી, ટેક્ષ વગર.. (ટેક્ષ નાબૂદ કરશું!)

ચાલશે તંત્ર ખાનગીકરણથી નિશ્ચિંત પણે - (ગુજરાતની જેમ)

ચિંતન

ભ્રાંત દેશ મનેક દુર્ગ વિષમં પ્રાપ્તં ન કિંચિત્ફલં ત્યક્તત્વા જાતિ કુલાભિમાનમુચિતં સેવા કૃતા નિષ્ફલા ।
ભુક્તં માનવિવર્જિતં પરગૃહેષ્વાશંક્યા કાકવત્ તૃષ્ણે જુંભસિ પાપકર્મ નિરતે ના ધાપિ સંતુષ્ય સિ ॥

'તૃષ્ણા'ની નિંદા કરતાં બીજા પ્રકારણનો-સુભાષિત રત્ન ભાંડાગારનો આ શ્લોક છે:

'જે રસ્તે પ્રયાણ ન થઇ શકે - જઇ જ ન શકાય એવા વિકટમાર્ગો-અનેક પ્રદેશો-દેશવિદેશમાં મેં પૈસાની તૃષ્ણા ખાતર ભ્રમણ કર્યાં છતાં - પણ કંઇ ફળ ન મળ્યાં જાતિ અને કુળનું અભિમાન છોડીને પણ નીચ જાતિ-ધર્મનાં લોકોની સેવા કરી, એ પણ નિષ્ફળ ગઇ. કાગડાની જેમ ભય અને શંકા રાખીને ઘેર-ઘેર, પારકાંને ત્યાં માન નો ત્યાગ કરીને ભક્ષણ કર્યાં. તો પણ હે તૃષ્ણા! તું તો પાપકર્મ કરવામાં જ રૂચિ રાખે છે અને તે રૂચિ-તૃષ્ણા ક્યારેય પણ સંતોષ પામતી નથી.'

માણસને એક ટાઇમ દાળ-રોટલી મળી રહે તો બીજીવાર રાત્રે જમવાની પણ જરૂર રહેતી આમ છતાં માણસ સાત સાત પેઢી ન ખૂટે એટલા ભંડાર ભરી લેવાની તૃષ્ણામાં દેશ-વિદેશ ભટકે છે. જાતિ-ધર્મનું અભિમાન છોડી દે છે. હરિઓમ-અને જય સ્વામિનારાયણ' કહેતાં લોકો 'સલામે આલુકમ'કહી બૂરખા ઓઢી ફરે છે વિદેશી વિદ્યર્મી લોકોની ચાપલૂસી પણ કરવી પડે છે.

જાતિ-કુળનું અભિમાન છોડી વતનથી દૂર પરિવાર-સમાજથી દૂર જઇ માત્ર 'તૃષ્ણા'ના સંતોષને ખાતર શાંતિ-સુખનો ધીરજનો ત્યાગ કરવો પડે છે. આમ છતાં ય 'તૃષ્ણા'નો ક્યારેય અંત આવતો જ નથી.

સુવિચાર

- પ્રકૃતિ મનુષ્યને અમુક ઊંચાઇ સુધી લાવીને છોડી દે... એ પછીની આગળની યાત્રા તો માણસે જાતે જ કરવી પડે છે - *રજનીશ*
- સત્યની પ્રાપ્તિ સૌભાગ્ય છે પરંતુ સત્યની પ્યાસ હોવી એ પણ ઓછું સૌભાગ્ય નથી - *વત્સલ વસાણી*
- જોઇએ એટલા માનવી જગમાં ખૂબ જડે, પણ 'જોઇએ એવા' માનવી જ્વલ્લે જ મળે - *એસ. ભટ્ટાચાર્ય*
- જીવનનો ઇકાર એટલે જીવનનો સ્વીકાર જ્યાં લાગણીને ઢોળ ચડાવવો પડતો નથી કે વાસણોની જેમ વહાલને માંજવું પડતું નથી - *અંકિત ત્રિવેદી*
- બીજા કોઇને લાભ થાય એવું વિચારવું એ પણ ભલાઇનું કામ જ છે - *રાજવર્ધન*
- જ્યારે તમે કોઇને બેહદ પસંદ કરવા લાગો છો ત્યારે તમે એની બુરાઇ ભૂલી જાવ છો.. અને જ્યારે તમે કોઇને નાપસંદ કરો છો ત્યારે તમે એની ખૂબી ભૂલી જાવ છો - *જનકલ્યાણ*
- પ્રેમ એક અનેરો અહેસાસ છે. હું શા માટે પ્રેમ ન કરૂં કે જેમાં પ્રભુનો વાસ છે - *અંતરિક્ષ ચાવડા*

(સંકલન : દીપક બી.આસરા)

બોધ કથા

માણસ સત્તા, પદ, ધન-સમૃદ્ધિ માટે કંઇ પણ કરવા થઇ જાય છે. ખૂબ-ખરાબા તો એને મન સ્વાભાવિક થઇ જાય છે મન-વચન-કર્મથી પણ અધઃપતન થાય છે. આમ છતાં આજ સુધી કોઇ રાજા-પ્રધાન-ઉદ્યોગપતિ પોતાનું સત્તા-સમૃદ્ધિનું સામ્રાજ્ય સાથે લઇને નથી ગયા-ખાલી હાથે જ ઇલેક્ટ્રીક ભઠ્ઠી કે સુખડને લાકડે જવું જ પડે છે!

ધારાનગરીના રાજા સિંધુલ વૃદ્ધ થયા હવે તેણે પોતાની ગાદી પુત્ર ભોજને આપવા બદલે મુંજને આપી. મુંજગે એ રાજ 'કાયમી' ભોગવવાની તૃષ્ણા જાગી. એટલે એણે જ્યોતિષીઓ પાસે ભોજ (રાજયના સાચા હકદાર) ના જોષ જોવડાવ્યા અને પચાસવર્ષ સત્તા ભોગવશે.'

મુંજે પોતાના વિશ્વાસુ અમાત્ય વત્સરાજને સોપારી આપી, ભોજનું એન્કાઉંટર કરવાના આદેશ આપ્યા. વત્સરાજ, ભોજને લઇ જંગલમાં ગયો, અને તલવાર ઉગામી ત્યાં બાળક ભોજ બોલી ઉઠ્યો-એક સંસ્કૃત શ્લોક : કહ્યું કે વત્સરાજ! ન તો પૃથ્વી માંધાતા રાજ-રાજવીઓની થઇ છે, ન તો રાજા રામ જેવા રામની થઇ, યુધ્ધિષ્ઠિર જેવા ધર્મરાજ-સત્યવાદીની પણ ન થઇ. હીટલર-નેપોલિયન જેવા પણ ધૂળ ચાટતા ગયા. તો પછી તારા રાજા મૂંજની તો ક્યાંથી થશે?! વત્સરાજનું હૃદય પરિવર્તન થયું અને ભોજનો જીવ બચી ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

તમે છેલ્લે ક્યારે વાર્તા સાંભળી હતી?

વિચાર યાત્રા
- ડો. જય ઓઝા

આજકાલ એફએમ રેડીયો પર વાર્તા સંભળાવવાના એટલે કે સ્ટોરીટેલીંગના કાર્યક્રમ શરૂ થયા છે, વાર્તા સંભળાવવાની ઉર્દૂની દાસ્તાનગોઈ પરંપરા ફરી બેઠી થઈ છે, દિલ્લી જેવા શહેરોમાં સંગીત સાથે સ્ટોરીટેલીંગના જાહેર કાર્યક્રમ થાય છે જેમાં યુવાલોકો ભેગા થાય છે, લોકો વાર્તા સાંભળવાની કળાને માત્ર બાળકો પૂરતી જ સીમિત કરીને નિહાળે છે,પણ વાર્તા દરેક વયના લોકોને સાંભળવી ગમતી હોય છે. આપણા ડાયરા, માણભટ્ટ દ્વારા રજૂ થતા આખ્યાન, આદિવાસીની થાળી કથા તેમજ રામાયણ-ભાગવતની સજ્ઝાહો સ્ટોરીટેલીંગ જ છે, વાર્તા કહેવી અને સાંભળવી એ ભારતની સાંસ્કૃતિક પરંપરા રહી છે, નીતિ અને મૂલ્યોને સમાજમાં સ્થાપિત કરવા માટે વાર્તાકથનનો સહારો વિશ્વની તમામ સભ્યતાએ લીધો છે

થોડા દિવસ પહેલાં દિલ્હીના હેબીટાટ સેન્ટરમાં એક કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં યુવક-યુવતીઓનો મેળો ભરાયો હતો. લોકો હકડેઠઠ ભરાઈને બેઠા હતા. મંચ પર નીલેશ મિશ્રા નામનો એક સ્ટોરી ટેલર આવ્યો. હકડેઠઠ મેદનીમાં વાતોનું જે થોડું ઘણું ઘૂ... ઘૂ... ચાલતું હતું ત્યાં કબૂતર બ્રાન્ડ શાંતિ રેલાઈ ગઈ. નીલેશ મિશ્રાએ વાર્તા માંડી અને લોકો મણકાની જેમ એમાં પરોવાવા માંડયા. વચ્ચે વચ્ચે કોઈક સિચ્યુએશન્સમાં લાઈવ મ્યુઝિક પણ વાગતું હતું. દોઢ કલાક સુધી તેણે વાર્તા સંભળાવી અને એ દરમ્યાન પેલી કબૂતરબ્રાન્ડ શાંતિ છવાયેલી રહી ને લોકોએ કાનથી ઘૂંટડે ઘૂંટડે વાર્તા પીધી. દોઢ કલાક સુધી બેસીને લોકો માત્ર વાર્તા સાંભળે એ ઘટના જ એક વાર્તા જેવી છે!

હવે વાત કરીએ નીલેશ મિશ્રાની. નીલેશ મિશ્રા વાર્તા કહેવાનો શોખીન જીવ છે. એક જાણીતી રેડિયો ચેનલ પર યાદોં કા ઇડિયટ બોક્સ વિથ નિલેશ મિશ્રા'નામનો તેનો એક પ્રોગ્રામ આવે છે. જેમાં તે અવનવી વાર્તા સંભળાવે છે. લોકો રેડિયો પર તેના કહાનીવર્ણન સાંભળવાના એવા વ્યસની થઈ ગયા કે તેમની કહાનીઓની ઓડિયો સીડી અને પુસ્તકો પણ તૈયાર થયાં છે. સ્ટોરીટેલર નીલેશ મિશ્રા પત્રકાર અને ગીતકાર છે. ફિલ્મો માટે ગીતો તેમજ કહાની લખે છે.

નીલેશે કહ્યું હતું કે, વાર્તા કહેવી અને સાંભળવી એ ભારતની સાંસ્કૃતિક પરંપરા રહી છે. નીતિ અને મૂલ્યોને સમાજમાં સ્થાપિત કરવા માટે વાર્તાકથનનો સહારો વિશ્વની તમામ સભ્યતાએ લીધો છે. આપણે ત્યાં વિજ્ઞાન અને ટેક્નોલોજી વધ્યાં, એને પરિણામે વાર્તા કહેવા-સાંભળવાની પરંપરા જ નામશેષ થવા માંડી. વાર્તા લોકોને આજે પણ સાંભળવી ગમે છે. મને આનંદ છે કે વાર્તા સંભળાવવાનો મોકો મળ્યો છે અને લોકો એનો લુત્ફ ઉઠાવે છે.

વાર્તા રે વાર્તા..

લોકો વાર્તા સાંભળવાની કળાને માત્ર બાળકો પૂરતી જ સીમિત કરીને નિહાળે છે, પણ વાર્તા દરેકને સાંભળવી ગમતી હોય છે. એનું ચુંબકિયું દૃષ્ટાંત શાહબુદ્દીન રાઠોડ છે. તમને ફિલ્મ શોલેનાં જય-વીરુ ભુલાઈ શકે છે. ફિલ્મોમાં પોતાની એન્ટ્રીમાત્રથી લોકોને હસાવી દેતો જોની લીવર ભુલાઈ શકે છે,પણ વરઘોડાવાળો વનેચંદ નહીં ભુલાય. શાહબુદ્દીન રાઠોડના કોઈ શ્રોતાએ વનેચંદને જોયો નથી, પણ જેમણે વનેચરનો વરઘોડો' સાંભળ્યો છે તેમના માટે તે તેમનો અત્યંત ઓળખીતો માણસ છે, તેની નજીકનો માણસ છે. વનેચંદને મળ્યા વગર ગુજરાત આખું એના વ્યક્તિત્વથી વાકેફ છે. આ ચાઈ છે શાહબુદ્દીન રાઠોડની સ્ટોરી ટેલિંગ સ્ટાઈલની. આવાં તો બીજાં અનેક પાત્રો તેમણે પોખ્યાં છે.

વાર્તા કહેવી એ જગતની સુંદર કળાઓ પૈકીની એક છે. તેમાં ભાષા કરતાં બોલીનું વિશેષ મહત્ત્વ છે. સાંભળનારના મનમાં ચિત્ર ખડું થઈ જાય એટલી સુંદર રીતે જેને વાર્તા કહેતાં આવડતું હોય એ વ્યક્તિ જીવનની કલાકાર છે. બાળક જયારે સહેજ સમજણું થાય છે ને કાલુંઘેલું બોલતું થાય છે ત્યારે મા તેને સૌથી પહેલાં વાર્તા સંભળાવે છે, તેથી દરેક મા અને બાળક વચ્ચેનો પહેલો સમજણનો સેતુ વાર્તાના પગલે મંડાય છે. તેથી જગતની દરેક મા એ બાળકની પહેલી કલાકાર છે. માતા બાળકને જે તરંગ તુક્કા સંભળાવે છે એ પણ વાર્તા જ છે. માણસને સ્કૂલ-કોલેજે ભણાવેલા પ્રમેયો, દાખલા કે રસાયણ વિજ્ઞાનનાં સમીકરણો અભ્યાસ પૂરો થયા પછી યાદ નથી રહેતાં, પણ બાળપણમાં સાંભળેલી વાર્તાઓ તેમને આજીવન યાદ હોય છે, જે પછી તે તેના સંતાનને પણ સંભળાવે છે.

દરેક માતા-પિતા જયારે બાળક સાથે રમે છે કે વાર્તા કહે છે ત્યારે એ પોતાનું બાળપણ જીવે છે. આપણા બાળસાહિત્યકાર રમણલાલ સોનીએ બાળસાહિત્યના સંદર્ભમાં કહેલી વાત વાર્તાપઠનના અનુસંધાને કહીએ તો દરેક માતા કે પિતા જયારે બાળકોને વાર્તા કહે છે ત્યારે એ ઘટના ઉતારી નાખેલી કાંચળીમાં સાપ પુનઃ પ્રવેશ કરે એવી છે. માતા-પિતા જ નહીં, દાદા-દાદી કે અન્ય કોઈ માણસ શેરીના બધાં બાળકોને ભેગાં કરીને વાર્તા સંભળાવે ત્યારે પણ એ માણસ કાંચળીમાં પુનઃ પ્રવેશ જ કરે છે.

દરેક પેરેન્ટ્સને બાળકની ખૂબ જ ચિંતા હોય છે. કેટલાંક પેરન્ટસને માત્ર એટલી જ ખબર નથી હોતી કે બાળકનું પહેલું શિક્ષણ નર્સરીથી નહીં પણ ઘરથી શરૂ થાય છે. તેના પહેલા શિક્ષક તેનાં મા-બાપ હોય છે. સારામાં સારી નર્સરી એટલે કે બાલવાડીમાં મા-બાપ બાળકને મૂકે છે. ટીચર તેને શું શું ભણાવે છે? પોએટ્રી બરાબર ભણાવે છે કે નહીં? એ બધી બાબતોની તકેદારી લઈને પેરેન્ટ્સ બાળકને નર્સરી કે સ્કૂલમાં મૂકે છે. આવી નાનામાં નાની બાબતની કાળજી લેતાં કેટલાં મા-બાપને સરસ રીતે બાળકને વાર્તા કહેતાં આવડે છે, કે જે સાંભળતાં સાંભળતાં તેમનું બાળક પોઢી જાય. અરે! કેટલાં માતા-પિતાને વાર્તા આવડતી હોય છે? એક બાળકનો જન્મ થાય છે ત્યારે માતા-પિતાનો પણ જન્મ થાય છે. ખલીલ જિબ્રાન કહી ગયા છે કે બાળક તો જન્મજાત શીખીને જ આવેલું હોય છે. તેની પાસે પોતાના વિચાર હોય છે, મા-બાપે તેમના પર પોતાના વિચાર થોપવા ન જોઈએ. તેથી શિક્ષણની જરૂર બાળક કરતાં માતા-પિતાને હોય છે.

ખરેખર તો બાળકને નર્સરીમાં મૂકતાં પહેલાં મા-બાપે કેટલાક પાઠ ભણવાની જરૂર છે. મા-બાપે બાળકને સ્કૂલે મૂકતાં પહેલાં ક્યાંક વાર્તા કહેવાનું શિક્ષણ લેવું જોઈએ અને બાળકોને વાર્તા સંભળાવવી જોઈએ. કારણકે, બાળકોની ચિત્તસૃષ્ટિ વાર્તા સાંભળવાથી વિકસે છે. આપણે ત્યાં રમણલાલ સોનીથી માંડીને રમેશ પારેખ સુધીના સાહિત્યકારોએ લખેલી બાળવાર્તાઓનો ભંડારો છે.

બાળકોથી ફરી પાછા મોટેરા તરફ આવી જઈએ. ચેતન ભગતે કહ્યું હતું કે, મને લેખક કરતાં સ્ટોરી ટેલર એટલે કે વાર્તા સંભળાવનાર તરીકે ઓળખાવું વધારે ગમશે. હું નાનપણથી જ વાર્તા સંભળાવતો આવ્યો છું. કદાચ ત્યાં જ મારા લેખકમૂળિયાં નખાયાં હશે.

જગતની તમામ વાર્તા એ રીતે જ લખાવી જોઈએ કે વાચક પોતે વાંચતો હોય એવું નહીં પણ સાંભળતો હોય એવું લાગે. એને લીધે એ કથાપ્રવાહમાં એ કનેક્ટ થાય છે. કારણ કે, વાર્તા એ લખવાની નહીં કહેવા-સાંભળવાની જ કળા છે. આ બાબત હવે લેખકોને વધારે સારી રીતે સમજાઈ રહી છે. તેથી જ હવે નવલકથા પણ ઓડિયો બુક સ્વરૂપે રજૂ થઈ રહી છે. ઓડિયો બુક એટલે એવી સીડી કે જે મ્યુઝિક સિસ્ટમ કે કમ્પ્યૂટર પર ચઢાવી દો એટલે નવલકથા પ્રકરણવાર સંભળાય. વિદેશમાં ઓડિયો બુક પોપ્યુલર થઈ છે. ભારતનાં શહેરોમાં પણ એ વેચાવા માંડી છે.

સ્ટોરીટેલિંગનો એક સરસ પ્રયોગ ગુલઝાર અને વિશાલ ભારદ્વાજે કર્યો હતો. સનસેટ પોઈન્ટ' નામનું એક મ્યુઝિક આલબમ આવ્યું હતું, જેનાં ગીતો ગુલઝારે લખ્યાં હતાં. ભુપેન્દર અને ચિત્રાએ એ ગીતો ગાયાં હતાં. સંગીત વિશાલનું હતું. આલબમમાં એક લવસ્ટોરી હતી જે ગુલઝાર પોતાની રસાળ શૈલીમાં બોલતા હતા. કોઈ એક મુકામ પર પ્રસંગ પહોંચે ત્યાં એને જોડતું ગીત શરૂ થતું. ગીત પૂરું થયા બાદ કહાની ફરી આગળ વધતી હતી. સ્ટોરીટેલિંગ અને મ્યુઝિકનો એ સુંદર પ્રયોગ હતો. આલબમની કેચલાઈન હતી- સૂરોં પે ચલતા અફસાના.

આપણે ત્યાં સ્ટોરી ટેલિંગની પરંપરા સદીઓ પુરાણી છે એવું કહેવા માટેનાં જળવાયેલાં દૃષ્ટાંત એટલે ભાગવત અને રામાયણની સજ્ઝાહો. ભાગવત અને રામાયણની જે સજ્ઝાહો થાય છે એ સ્ટોરીટેલિંગ જ છેને! જોકે, અગાઉ ધર્મ ઉપરાંત અન્ય વિષયો પણ કહાનીપઠનમાં આવરી લેવાતા હતા. આનો પુરાવા પૂરતું દૃષ્ટાંત છે દાસ્તાનગોઈ ઉર્દૂ સાહિત્યમાં દાસ્તાનગોઈ પરંપરા હતી. આપણા લોકડાયરા અને માણભટ્ટ દ્વારા રજૂ થતાં વિવિધ આખ્યાનો પણ સ્ટોરીટેલીંગના જ ચિત્તાકર્ષક પ્રકાર છે. માણભટ્ટ આંગળીઓ પર ચોક્કસ માપની તાંબા અને ચાંદીની વીટીઓ પહેરીને માણ એટલે કે માટલા પર તાલ આપીને વિવિધ આખ્યાન કહેતા જાય છે. માણ પર આંગળીઓ ફેરવીને સ્વર ઉત્પન્ન કરીને કથાના પ્રસંગને અનુરૂપ લાગણી, પ્રેમ અને નફરતના ભાવ જગાવે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

રણોત્સવ માણવા કચ્છ ગયા હોઈએ ત્યારે માંડવીનું અદ્યતન અને અદ્વિતીય 'ક્રાંતિતીર્થ' જોવાનું કેમ ચૂકાય?

હળવાશની ક્ષણોમાં !
પોલીસ અને પીધેલા!
- ચિત્રસેન શાહ

'પોલીસ' અને 'પીધેલા' એ એક જ સિક્કાની બે બાજુઓ છે એમ કેટલાકનું માનવું છે! 'પીધેલાઓ'ને આમાં તેમનું બહુમાન થયા જેવું પણ લાગશે! વળી બંનેની રાશી પણ એક જ છે!

આ બંને ઉપર જેટલું લખીએ તેટલું ઓછું પડે! અમારા એક પરિચિત તો આ વિષય ઉપર મહાનિબંધ લખીને Ph.d (ડોક્ટર!) પણ થઇ ગયા છે! અમે તેમે મજાકમાં 'પીધેલા ડોક્ટર' તરીકે ઓળખીએ છીએં!

પરંતુ એ ડોક્ટર રમુજ કરતાં કહે છે કે 'મેં તો ફક્ત ૫૦૦ પાનાનો જ થીસીસ લખેલો પરંતુ ધારીએ તો એક 'ક્વાડ્રિલિયન' પાનાં પણ ભરી શકાય! (એક ક્વાડ્રિલિયન એટલે ૧ ની પાછળ ૧૫ શૂન્ય!

૧,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦!

ક્વાડ્રિલિયનની ગણતરી કરવી હોય અને પ્રતિ સેકન્ડ એક સંખ્યા ગણીએ તો પણ ૩ કરોડ દસ લાખ વર્ષ લાગે અને તે પણ સૂતા વગર! ખાત્રી કરવી હોય તો માંડો ગણવા! અનિંદ્રાની બિમારી હોય તેમણએ આ કામ કરવાનું જેવું છે!)

૩૧મી ડિસેમ્બરે (On the eve of new year day!) 'પીનારાઓ'ની સંખ્યા અનેક ગણી વધી જાય છે! વળી તેમાંના કેટલાક તો એવા હોય છે કે જેઓ નવા વર્ષની પહેલી જાન્યુઆરીથી જ ૩૧મી ડિસેમ્બરની રાહ જોતા બેઠાં હોય છે! એટલે તેમને તો ૩૧મી ડિસેમ્બરની રાત ફક્ત રંગીન જ નહીં પરંતુ સ્વર્ણિમ પણ લાગે છે!

તેઓ એમ માનતા હોય છે કે જેમ ઉત્તરાયણ પર ઉંધિયું-જલેબી, દશેરા પર ફાફડા-જલેબી, મહાશિવરાત્રી પર ભાંગ ખાવા-પીવાનો રિવાજ છે તેવી જ રીતે ૩૧મી ડિસેમ્બરની રાત્રે 'પીવું' જ પડે! તે સમયે ઘણા લોકો 'રાજાપાઠ' માં હોય છે! પ્રેસમાં અને લોકોમાં આ અંગે જયારે ઘણો ઉહાપોહ થયો ત્યારે પોલીસ ડિપાર્ટમેન્ટ સફાળું જાગી ઉઠ્યું! પોલીસ ડિપાર્ટમેન્ટ દરેક પોલીસ સ્ટેશને ૩૧મી ડિસેમ્બરની રાતે ૫૦૦ પીધેલાઓને ઝડપવાનો 'ટાર્ગેટ' આપ્યો! જેમ બીજા બધા સરકારી કે બિનસરકારી ડિપાર્ટમેન્ટ કે વ્યક્તિઓ વર્ષનાં અંત સુધીમાં અમુક કામ કરવાના 'ટાર્ગેટ' આપે છે કે નક્કી કરે છે તેવી જ રીતે!

આ રહ્યા એ 'ટાર્ગેટ'ના કેટલાક નમૂના

- I.T. ડિપાર્ટમેન્ટ તેના સર્કલોને ૩૧મી માર્ચ સુધીમાં અમુક રકમ I.Tax પેટે ઉઘરાવવા(!) નો 'ટાર્ગેટ' આપે છે!
- એક 'ચેઇનસ્નેચર' ની પત્નીએ તો તેના પતિને 'ટાર્ગેટ' આપતા કહેલું કે - 'જુઓ, આ લગ્નતિથિએ મને તો ૧૦૧ સોનાની ચેઇન જોઇશે જ! જે થવાનું હોય તો થાય! Come What may!'

(ચેઇન સ્નેચરની પત્ની MBA થયેલી હતી તેથી તેણીએ આટલો ઊંચો ટાર્ગેટ આપ્યો હતો!) વધુમાં તેણીએ કહ્યું કે - 'કીટ્ટી પાર્ટીમાં કોઇ મને પુછે તો મારે જવાબ તો આપવો પડને! વળી આમાં તો તમારી આબરૂનો સવાલ પણ છે જ ને!'

- ૨૦૪૪માં લગ્નના ફક્ત ૯૦ દિવસના જ મુહૂર્ત નિકળ્યા છે ત્યારે ગોર મહારાજોને પણ એ ચિંતા સતાવે છે કે આટલા ઓછા દિવસોમાં ટાર્ગેટ કેમ પુરા કરવા?! આટલા દિવસોમાં તો કેટલાને 'ટોપી' (એટલે કે સાફ!) પહેરાવી શકાય?!

પુછો 'આપ' ને!

હવે પોલીસ ડિપાર્ટમેન્ટની વાત આગળ વધારીએં તો -

એક પોલીસ સ્ટેશન વાળા તો 'સ્માર્ટ' હતા! તેમણે તો તેમને મળેલો ૫૦૦ પીધેલાઓને પકડવાનો 'ટાર્ગેટ' એક બુટલેગરને ટ્રાન્સફર કરી નાખ્યો! આમ તો જો કે બુટલેગરને પોલીસનું કામ પડતું હોય છે. પરંતુ અહીં ઉલ્ટી ગંગા જેવું થયું! પોલીસને બુટલેગરનું કામ પડ્યું! આ બુટલેગર માટે તો એ 'બાંયે હાથ કા ખેલ' જેવું હતું!

વળી આ બુટલેકરનો IQ ઊંચો હતો! તેણે 'ટપોરી'ની એક ગેંગને પોતાના હરીફ બુટલેગરના ગ્રાહકોને 'પીવડાવવા' મોકલી અને બીજી ગેંગને 'પીધેલાઓ'ને 'ઝડપાવવા' મોકલી! એક કાંકરે બે પક્ષી! આ રીતે 'સ્માર્ટ' પોલીસ સ્ટેશનવાળાઓએ તો પોતાનો 'ટાર્ગેટ' પુરો કર્યો! પરંતુ બીજા એક પોલીસ સ્ટેશનવાળા ગાંધી ચિંધ્યા માર્ગે ચાલવાવાળા હતા!

વળી તેમના કમનસીબે તેમના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારના લોકોને પણ 'સોમરસ' કરતાં 'શેરડીના રસ' માં વધારે રૂચિ રહેતી હતી! તેથી ૩૧મી ડિસેમ્બરની રાત પુરી થવામાં હતી ત્યાં સુધીમાં ૫૦૦ ને બદલે ફક્ત પાંચ જ પીધેલા ઝડપાયા હતા! ઉપરી અધિકારી તો ગુસ્સે થઇ ગયા!

તેમણે 'ગોડસે છાપ(!)' સવાલ તેમના સ્ટાફને પુછ્યો, 'તમારા વિસ્તારના લોકો કરે છે શું?!' રણોત્સવ માણવા કચ્છ ગયા હોઇએ' ત્યારે માંડવીનું અદ્યતન અને અદ્વિતીય 'ક્રાંતિતીર્થ' જોવાનું કેમ ચૂકાય? માંડવીના - ગુજરાતના અને ભારતના દેશભક્ત વીર ક્રાંતિકારી પંડિત શ્યામજી કૃષ્ણ વર્માનું સ્મારક એટલે 'ક્રાંતિતીર્થ!'

ઇન્ડિયાની બહાર - લંડનમાં 'ઇન્ડિયા હાઉસ' માં પ્રવૃત્તિ કરતા રહીને તેમણે ભારતની આઝાદી માટેનો જંગ છેડ્યો. તેમનાં જન્મ અને સ્વર્ગવાસના વર્ષો પણ યાદગાર છે! જન્મ ૧૮૫૭ માં (ભારતની આઝાદીના પ્રથમ સ્વતંત્ર્ય સંગ્રામ વખતે) અને સ્વર્ગવાસ ૩૦મી માર્ચ ૧૯૩૦ માં (દાંડી માર્ચ - ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના અંતિમ ચરણ સમયે! - કેવો યોગાનુયોગ!) રાજકીય પ્રવૃત્તિઓને કારણે તેમને લંડન છોડવું પડ્યું. લંડન છોડીને પેરીસ અને ત્યારબાદ સ્વિઝરલેન્ડથી તેમણે તેમની પ્રવૃત્તિઓ ચાલુ રાખી. જિનિવામાં તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમની અંતિમ ઇચ્છા હતી કે - ભારત આઝાદ થાય ત્યારે મારા અસ્થિ માતૃભૂમિમાં હોય!

તેમના તેમજ તેમની પત્ની ભાનુમતીના અસ્થિ ૧૦૦ વર્ષ સુદી જિનિવામાં સચવાઇ રહે તેવી વ્યવસ્થા તેમણે કરી હતી.

તેમના મૃત્યુના ૭૩ વર્ષ પછી તેમના અસ્થિ માનનીય મુખ્યપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા જિનિવાથી માંડવી ખાતે લાવવામાં આવ્યા. આ સ્મારક કોમ્પલેક્ષમાં લંડનના 'ઇન્ડિયા હાઉસ'ની આબેહૂબ પ્રતિકૃતિ પણ તૈયાર કરવામાં આવી છે જેમાં ઓડિયો - વિઝ્યુઅલ શો ઉપરાંત આઝાદીની લડતના શહિદોના પેઇન્ટીંગ તેમજ ફોટોગ્રાફ્સની અલગ અલગ ચાર ભવ્ય ગેલેરીઓ પણ ખૂબ જ દર્શનીય છે. આ સ્મારકનું મેઇનટેન્સ પણ અદ્‌ભૂત કાળજીથી તેના મેનેજર મહેશભાઇ ગોસ્વામી તેમજ તેમની ટીમ દ્વારા કરાઇ રહ્યું છે. (મહેશભાઇ, ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી આદરણીય સુરેશમહેતા ના P.A.રહી ચૂક્યા છે)

આ સ્મારક જોઇને ચોક્કસ પણે બોલી ઉઠાય - 'ક્રાંતિતીર્થ નહીં દેખાય તો કુછ નહીં દેખા! અરે કુછ સમય તો બિતાઇએ 'ક્રાંતિતીર્થ' મેં!'

'ક્રાંતિતીર્થ' જોઇને અમે માંડવી બીચ પર ગયા. માંડવીનો બીચ, ગોવા અને કોલાવલ બીચની બરોબરી કરી શકે તેવો છે. પરંતુ 'ઘરકી મુરઘી દાલ બરોબર' ની જેમ ઘણા વર્ષો સુધી લોકોને તેની જાણ કરાઇ શકી નો'તી!

માંડવીના બીચ ઉપર અમે પહોંચ્યા ત્યારે ત્યાં ધમાલ ચાલી રહી હતી. કારણ કે ત્યાં પોલીસ દ્વારા ત્યાં પાંચ 'પીધેલા' ઝડપાયા હતા! પરંતુ પાછળથી જાણવા મળ્યું કે એ પાંચે પાંચ 'સ્ટાફ'ના માણસો જ હતા! આ જાણી કેટલાક લોકો બોલી ઉઠ્યા - 'અમે તો પહેલેથી જ કહેતા હતા કે - પોલીસ અને પીધેલા - એ એક જ સિક્કાની બે બાજુઓ છે!'

માંડવીના બીચ ઉપર અમે પહોંચ્યા ત્યારે ત્યાં ધમાલ ચાલી રહી હતી, કારણ કે ત્યાં પોલીસ દ્વારા ત્યાં પાંચ 'પીધેલા' ઝડપાયા હતા! પરંતુ પાછળથી જાણવા મળ્યું કે એ પાંચે પાંચ 'સ્ટાફ'ના માણસો જ હતા! આ જાણી કેટલાક લોકો બોલી ઉઠ્યા - 'અમે તો પહેલેથી જ કહેતા હતા કે - પોલીસ અને પીધેલા - એ એક જ સિક્કાની બે બાજુઓ છે!'

'ઉદ્યોગ સાથે સેવા થાય તેનો સંતોષ અનેરો હોય છે' ઉદ્યોગકાર મનુભાઈ મોહનભાઈ સોજીત્રા

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

'લણવા કરતા વાવવાનો આનંદ વિશેષ હોય છે.' ઉપરોક્ત વિચારો જેમણે તન, મન, ધનથી પોતાનામાં ઉતાર્યા છે એ વ્યક્તિ વિશેષ છે મનુભાઇ મોહનભાઇ સોજીત્રા. ૦૧.૦૫.૧૯૫૨ ના રોજ રણછોડપુરા (ભાલ) જી. ભાવનગરમાં (હાલ બોટાદ) જન્મેલા મનુભાઇના પિતા સ્વ. મોહનભાઇ અને માતા ગંગાસ્વરૂપ મીઠીબેન પાસેથી જીવનશૈલીની પાયાના સંસ્કાર પ્રાપ્ત થયા છે. બરવાળા પાસે ખાંભલા મનુભાઇનું મૂળવતન છે. બી.એસસી. ની (Agril) ડિગ્રી ૧૯૭૩માં મેળવી પછી ૧૯૭૩ થી ૧૯૮૦ સુધી એગ્રીકલ્ચર વિભાગમાં નોકરી કરી.

નોકરીથી સંતોષ ન મેળવનાર મનુભાઇએ ૧૯૮૧થી પોતાનો જવેલરી, હોલમાર્કિંગ વ્યવસાય સુરત ખાતે શરૂ કર્યો. બોટાદ પાસેના તાજપુર ગામે શ્રીમતી રમીલાબેન સાથે લગ્નબંધનથી બંધાયા. રમીલાબેન પાંચ ધોરણ સુધી ભણ્યા છે પણ કોઠાસૂઝથી સોજીત્રા પરીવારને અને પુત્ર-પુત્રીઓને સફળતાના મુકામ સુધી પહોંચાડ્યા છે. ત્રણ પુત્રી અને બે પુત્રના આ માતાપિતાએ ભાલ પંથકથી સુરત સુધીની સફરમાં અનેક તડકા - છાંયા વેઠ્યા છે.

અહીં એક સુભાષિત મનુભાઇના વ્યક્તિત્વ માટે બંધબેસતું છે.

ધનવાન થવું એના કરતા ખાનદાન થવું એ વધારે સારૂં.

ઉપરોક્ત વિચારો મનુભાઇએ અને રમીલાબેને પોતાના જીવનમાં ઉતાર્યા છે. કોમ્પ્યુટર યુગ અંગે મંતવ્ય આપતા મનુભાઇ કહે છે કે : '૧૯૯૫માં કોમ્પ્યુટર P1 આવ્યું અને મેં ત્યારે વસાવેલું. આજે તો કોમ્પ્યુટર મોસ્ટ એસેન્શીયલ છે. કોમ્પ્યુટરના આવિશ્કારથી દુનિયા મુઠ્ઠીમ